કાળાંધોળાં વાદળો છે, લાલપીળી સાંજ છે,
કાબરીચિતરી હવા છે, ભૂખરી ભૂખરી સાંજ છે!

તારા હોવાથી જ હળવું લાગે છે વાતાવરણ,
તું નથી તો આજની આ સાંજ વસમી સાંજ છે!

જિદ ન કર તું એને ખોતરવાની, નખ તૂટી જશે,
ક્યાંય કિરણ જડશે નહિ, આ સાંજ નકરી સાંજ છે!

દોસ્તીમાં હું બધાને શી રીતે વહેંચી શકું,
મારી પાસે તારા પૂરતી એક મુઠ્ઠી સાંજ છે!

એક પળ રીસાઇને ચુપકીદિ રાખો બેઉ જણ,
ત્યારે તમને લાગશે કે ખૂબ અઘરી સાંજ છે!

ભાવનાઓ વ્યક્ત કરવા જોઈએ લાંબો સમય,
આપણી પાસે સમયના નામે અડધી સાંજ છે!

જોતજોતાંમાં ખલીલ આ આયખું વીતી ગયું,
જિંદગીની આખરી મંજિલ છે, ઢળતી સાંજ છે!

■

સાવ મૃગજળમાં નાવ ચાલે છે,
ત્યાંય દરિયાના ભાવ ચાલે છે!

દાવ તારો હવે થયો પૂરો,
જો હવે મારો દાવ ચાલે છે!

એ તરફનો પ્રહાર હાંફે છે,
આ તરફથી બચાવ ચાલે છે!

આજની સાવ તાજી ચર્ચામાં,
કાલવાળો બનાવ ચાલે છે!

એ મળ્યા ત્યારથી મારા દિલ પર,
ક્યાં કોઈનો પ્રભાવ ચાલે છે!

સૌ રૂઝાઈ ગયા નવા જખ્મો,
પણ હજી જૂના ઘાવ ચાલે છે!

યાર, તારે ખલીલ જલસા છે,
ક્યાં કશાનો અભાવ ચાલે છે!

■

હવન કરીએ, ભજન કરીએ ને ચાહો તો કથા કરીએ,
ચલો ભેગા મળી વરસાદ માટે પ્રાર્થના કરીએ!

દુવાઓથી કદી આ ચાંદ ઊતરવાનો નથી ઘરમાં,
પ્રથમ દીવો કરી, દીવાના રક્ષણની દુવા કરીએ!

અમારા પ્રેમમાં નરદમ નિખાલસતા તને મળશે,
અમે તો બેવફાને પણ ખરા દિલથી વફા કરીએ?

દગો દેનાર કોઈ મિત્રના અપરાધને માટે
સજા કરીએ તો પણ એને નહીં ખુદને સજા કરીએ!

કોઈ ટીકા કરે, પજવે, કોઈ નુકસાન પહોંચાડે,
અમારી ખાસિયત છે કે અમે સૌને ક્ષમા કરીએ!

અમારી મહેરબાની છે બધાં માટે છતાં ક્યારેક,
અમે તો મૌન રાખી ખુદ અમારા પર કૃપા કરીએ!

જરૂરત હો તો વાવાઝોડા માફક ત્રાટકી પડીએ,
ખલીલ એવા પ્રસંગે ના ઉપરછલ્લી હવા કરીએ!

■

મારું મન ભોળું છે વરણાગી નથી,
એને દુનિયાની હવા લાગી નથી!

છે મને શ્રદ્ધા કે હું પામીશ તને,
તારી ઇચ્છા મેં હજી ત્યાગી નથી!

મારી એ તારા તરફની લાગણી,
ત્યાંની ત્યાં છે દૂર હે ભાગી નથી.

કોઈના સૌંદર્ય પર પાગલ થઈ,
મરવાની ઇચ્છા મને જાગી નથી!

લોક સ્વેચ્છાએ જ ચાહે છે મને,
મેં કોઈની ચાહના માગી નથી!

એક પણ એવો દિવસ ક્યારે ગયો,
જે દિવસ તમને નજર લાગી નથી!

હું ખલીલ એવો ને એવો છું હજી,
હું કશી બાબતમાં વૈરાગી નથી!

■

ફૂલ જેવી પરી બગીચામાં,
કાલ સાંજે મળી બગીચામાં!

એ ઝરૂખે જઈને બેસે છે,
આજ આવી ચડી બગીચામાં!

ક્યાંથી આવી છે ક્યાં જવાની છે,
કેમ ભૂલી પડી બગીચામાં!

આજ છાપામાં એક ખબર વાંચી,
શાહઝાદી હતી બગીચામાં!

કાલ ખુશ્બૂએ પણ કરી નાખી,
ફૂલની મશ્કરી બગીચામાં!

હાથ જોડી કહ્યું'તું ફૂલોએ
તું ન આવીશ ફરી બગીચામાં!

કેમ ધનતેજવી ન દેખાયા,
કેમ આજે નથી બગીચામાં.

■

મૈયતોની વખાર જેવો છું,
હરતાફરતા મજાર જેવો છું!

મેં જુદાઈના જખ્મ ખાધા છે,
હું ય મુફલિસના પ્યાર જેવો છું!

કોણ મારે ટકોરા મારામાં,
ખાલીખમ ઘરના દ્વાર જેવો છું!

સાંજ જેવો જ હોઉં છું સાંજે,
ને સવારે સવાર જેવો છું!

ક્યાંથી પૂરી કરું અપેક્ષાઓ,
સાવ ટૂંકા પગાર જેવો છું!

મારું એકલપણું સલામત હો,
એકમાં હું હજાર જેવો છું!

તું અમલ કર ખલીલ મારો પણ,
હું અછૂતા વિચાર જેવો છું!

મારું ચાલે તો ચમત્કાર કરું,
બેવફાનેય વફાદાર કરું!

પ્રેમ પૂછીને નથી થાતો પણ,
તું કહે તો હું તને પ્યાર કરું!

બંને વચ્ચેથી મને ખુદને હવે,
આજની રાત તડીપાર કરું!

સામે કાંઠે ય મારું કોઈ નથી,
શાને માટે હું નદી પાર કરું!

હું ખલીલ એને કહું તો શું કહું,
એને હા પાડું કે ઇનકાર કરું.

■

આજ સ્વપ્નામાં થયું છે, શું હવે એવું થશે,
તું અચાનક ક્યાંક રસ્તામાં મળે એવું થશે!

આજ ક્યાં છે મળવા પૂરતો પણ સમય તારી કને,
એ પછી મારો સમય ઓછો પડે એવું થશે!

ભાડમાં ગઈ મારી મરજી, મારી ઇચ્છાઓ બધી,
બસ હવે તું રાજી થઈ જા તું કહે એવું થશે!

આપણે મર્યાદા પણ ઓળંગી જઈએ પણ પછી,
આપણું જોયા પછી બીજે બધે એવું થશે!

લોકલાજે પણ સંબંધો જાળવો નહિતર પછી,
નવરા લોકો મશ્કરી કરતા ફરે એવું થશે!

ચલ રમી લઈએ જરા સૂકી નદીની રેત પર,
કાલ પૂર આવે અને પાણી ચડે એવું થશે!

જો લુહારો ટીપશે સોનાને એરણ પર ખલીલ,
તો પછી સોનીઓ તલવારો ઘડે એવું થશે!

■

ઓ ખુદા, તારા બધા જલસા તને ભારે પડે,
હું ન હોઉં તો તારી દુનિયા તને ભારે પડે!

તું બહુ મગરૂર ના થઈ જા ઓ મીરે-કારવાં,
રાહગીર ગાફિલ હો તો રસ્તા તને ભારે પડે!

કોઈને મળવા મહૂરત શોધ નૈ પંચાગમાં,
હો સમય સારો ને ચોઘડિયાં તને ભારે પડે!

સંતનાં દર્શન કરી, દર્શનનું પ્રદર્શન ન કર,
શક્યતા છે કે એ તારી શ્રદ્ધા તને ભારે પડે!

દોસ્તીનો ભાર ના લાગે કદી પણ કોઈને,
પણ તારી અણછાજતી ઇચ્છા તને ભારે પડે!

જિન્દગીમાં આવે છે ક્યારેક એવો પણ સમય,
તારા પોતાના જ પડછાયા તને ભારે પડે!

તું ખલીલ આજે હવે ભૂતકાળ ખોતરતો નહીં,
શક્ય છે તારા બધા કિસ્સા તને ભારે પડે!!

■

ભીડમાં એ એકલા ઓછા પડ્યા,
આપણે સૌ સામટા ઓછા પડ્યા!

કોઈએ દીવાની ક્ષમતા ના ગણી
સૌને લાગ્યું વાયરા ઓછા પડ્યા!

મારી ધીરજ તૂટીને વિખરાઈ ગઈ,
તોય તમને વાયદા ઓછા પડ્યા!

જે હતું ભાઈને સૌ આપી દીધું,
તોય એને વારસા ઓછા પડ્યા!

પારકા છજ્જા તળે બેસી ગયા,
શું આ ઘરના છાંયડા ઓછા પડ્યા!

કોણ કોને આશરો આપે અહીં,
સૌને સૌના આશરા ઓછા પડ્યા!

કાં ખલીલ અડધી ગઝલ પડતી મૂકી,
શું ગઝલના કાફિયા ઓછા પડ્યા!

■

જેને તેને તું ખબર પૂછ્યા ન કર
હું મઝામાં છું મારી ચિંતા ન કર!

મારી આંખોમાં જ તું જડશે તને,
આયનામાં ખુદને તું શોધ્યા ન કર!

ખાતરી કર તું ભલે મારા વિશે,
પણ તું તારી જાત પર શંકા ન કર!

આપણે મળશું તો મોસમ આવશે,
મોસમોની રાહ તું જોયા ન કર!

માવજત કર તું શરમ-સંકોચની,
દિલની લાગણીઓની પણ હત્યા ન કર!

તારી રીતે મોજથી જીવી લે તું,
લોક શું કહેશે એની પરવા ન કર!

તું ખલીલ આમાં સમજથી કામ લે,
દિલનો નાજુક છે વિષય ચર્ચા ન કર!

■

યાદ કૈં આવી ચડે સૂતી વખત,
ઊંઘ મારી તરફડે સૂતી વખત!

કામની વસ્તુ છે મોબાઈલ છતાં,
એ બધું ના પરવડે સૂતી વખત!

ઊંઘ ભીંજાતી રહે છત્રી વગર,
આંસુઓ વરસી પડે સૂતી વખત!

જેણે અંધારાં ઉલેચ્યાં ઉમ્રભર,
એને અજવાળું નડે સૂતી વખત!

ફૂલ અથવા ખુશબૂ અથવા શાંતિ,
જોઈએ પણ ક્યાં જડે સૂતી વખત!

એમની શંકામાં સમજણ હોય છે,
બેઉ જણ રાતે લડે સૂતી વખત!

જે ખલીલ આજે કશું કરતા નથી,
કાલના સ્વપ્ન ઘડે સૂતી વખત!

■

ઊંઘને ચાલે નહીં સ્વપ્ના વગર
ને ગઝલ થાતી નથી જાગ્યા વગર!

એમના મિત્રો ઘણા છે તે છતાં,
એમને ફાવે નહીં મારા વગર!

આજ પણ આવે એ જ્યારે શ્હેરમાં,
જાય ના મારી ખબર પૂછ્યા વગર!

સૌને દેખાડ્યા છે મેં રસ્તા નવા,
હું જ ખુદ ભૂલો પડ્યો રસ્તા વગર?

આવકારામાં ઉમળકો ના મળ્યો,
પાછો આવ્યો હું ય ચા પીધા વગર!

શું દુવા માગું ખુદા તારી કને,
તેં ઘણું આપ્યું મને માગ્યા વગર!

આ ખલીલ આદત પડી ગઈ છે મને
મારાથી રહેવાય ના જલસા વગર!

■

સારંગી

એકલો છું, તારી યાદો છે ને બીજું કોણ છે,
હું જ છું, સામે અરીસો છે ને બીજું કોણ છે!

હામ છે, સાહસ છે ને સાથે ખુદા છે એ પછી,
ખારવો છે, સામે દરિયો છે ને બીજું કોણ છે!

જેની સાથે પ્રેમથી વાતો કરું છું રાતભર,
દર્દ છે, છાતીનો સણકો છે ને બીજું કોણ છે!

રાતના પરવત ઉપર જે બે જણા ચિલ્લાય છે,
એક હું છું, બીજો પડઘો છે ને બીજું કોણ છે!

બે જ બાબત રાતભર બેચેને રાખે છે મને,
તારી યાદો છે, અજંપો છે ને બીજું કોણ છે!

આગ ક્યારે ભડકી ઊઠશે, એ કશું કહેવાય નૈ,
બસ હવા છે, સામે તણખો છે ને બીજું કોણ છે!

જો ખલીલ આજે અચાનક એ ઘરે આવી ચડ્યા,
એ જ મૂંઝવણ છે, અચંબો છે ને બીજું કોણ છે!

■

બંને રીતે મેં ગુજારી જિન્દગી આરામથી,
અડધી મુશ્કેલીમાં ગઈ, અડધી ગઈ આરામથી!

હું અચાનક તારો અસલી ચહેરો ઓળખતો થયો,
એ પછી મેં જિન્દગીને ઓળખી આરામથી!

જેની સામે દોસ્તીનો હાથ લંબાવ્યો'તો મેં,
એણે મારા હાથે બાંધી રાખડી આરામથી!

રાતભર બાજુની છત પર ચાંદ રઘવાયો હતો,
મારી છત પર વિસ્તરી'તી ચાંદની આરામથી!

કોઈને પણ મિત્ર ગણવામાં ઉતાવળ ના કરીશ,
કરજે ને સમજી વિચારી દોસ્તી આરામથી!

ચોટ મેં ખાધી'તી એની કળ નથી વળતી હજી,
એટલે તો થઈ શકે છે શાયરી આરામથી!

ના ખલીલ આરામ કરવાની નથી આદત મને,
જિન્દગી વીતી જવાની આપણી આરામથી!

■

યાર, તારી તો તમન્ના છે હજી પણ,
એ જ પહેલાં જેવી ઇચ્છા છે હજી પણ!

આગ દિલની ક્યાં બુઝાઈ છે બરાબર,
રાખમાં થોડાક તણખા છે હજી પણ

એ મને ભૂલી ગયાંનું કેમ માનું,
મારે માટે એને ચિંતા છે હજી પણ!

લોકોને મારી ખબર પૂછ્યા કરે છે,
એટલી તો એને પરવા છે હજી પણ!

પ્રેમીઓ આજે ય સંતાતાં ફરે છે,
પહેલાંના જેવી જ દુનિયા છે હજી પણ

આજ પણ ભૂખે નથી મરતા ધુતારા,
લોભિયા એવા જ મૂર્ખા છે હજી પણ!

માણવા જેવી ખલીલ આ જિન્દગી છે,
આપણા તો રોજ જલસા છે હજી પણ!